મહીલા સુરક્ષાની ગુલબાંગો વચ્ચે

દાદર-ભુજ ટ્રેનમાં પાલનપુરની નર્સને માર મારી લૂંટી લેવાતા ચકચાર

પાલનપુરની મહિલા નર્સને માર મારી ૩. ૨૦ હજાર, સોનાનો દોરો, બુટ્ટી, ઘડીયાળ અને મોબાઈલ લૂંટી લઈ અજાણ્યા લૂંટારૂઓ પલાયન

પાલનપુર, તા. ૧૦

મહિલા અત્યાચારોના વધતા જતા બનાવો વચ્ચે રેલવેમાં એકલ દોકલ મુલાફરી કરતી મહિલાઓની સલામતી માટે ખતરાની ઘંટી વગાડતો એક બનાવ બનવા પામ્યો છે. જેમાં દાદર-ભુજ ટ્રેનમાં મુસાફરી કરી રહેલી એક મહિલા નર્સને અજાણ્યા શખ્સોએ ચાલુ ટ્રેનમાં માર મારી લૂંટી લેતા ચકચાર મચી જવા પામી હતી. અમદાવાદથી પાલનપુર આવી રહેલી આ ઈજાગ્રસ્ત મહિલાને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી.

લૂંટનો ભોગ બનેલી મહિલા નર્સના પતિ મકસુદભાઈ સૈયદના જણાવ્યા મુજબ, પાલનપુરના ત્રણ બત્તી વિસ્તારમાં રહેતી ૫૭ વર્ષીય મહિલા રૂકસાનાબેન સૈયદ અમદાવાદ ખાતે કેન્સર વિભાગમાં નર્સ તરીકે ફરજ બજાવે છે. જેઓ રેલવે ટ્રેનમાં અપડાઉન કરે છે. ગતરોજ નાઈટની ડ્યુટી પતાવી તેઓ સવારે દાદર-ભુજ ટ્રેનમાં પાલનપુર તરફ આવી રહ્યા હતા. ત્યારે ઉંઝાથી ભાન્ડુ વચ્ચે અજાણ્યા શખ્સોએ મહિલા ડબ્બામાં જઈ મહિલા નર્સને માર મારી લૂંટ ચલાવી હતી. રૂ. ૨૦ હજારની રોકડ રકમ, સોનાનો દોરો, બુટ્ટી, ઘડીયાળ અને મોબાઈલની લૂંટ ચલાવી લૂંટારૂઓ સિદ્ધપુર નજીક બ્રીજ પાસે ટ્રેન ધીમી પડતા ઉતરી ગયા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દરમિયાન, ટ્રેન પાલનપુર આવી પહોંચી હતી. જ્યાંથી રેલવે પોલીસ અને ઈજાગ્રસ્ત મહિલાના પરિવારજનો દોડી આવ્યા હતા. જેઓએ ઈજાગ્રસ્ત મહિલાને ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. બાદમાં ઘોડા છુટી ગયા બાદ તબેલાને તાળુ મારવાનો પ્રયાસ કરતી રેલવે પોલીસે આવી અજાણ્યા લૂંટારૂઓ સામે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી હતી. આમ, મહિલા સુરક્ષાની ગુલબાંગો વચ્ચે રેલવે ટ્રેનમાં મહિલા ડબ્બામાં ઘુસી જઈ મહિલા પરીચારીકાને લૂંટી લેવાના બનાવથી ટ્રેનમાં મુસાફરી કરતી મહિલાઓની સલામતી સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

વધુ એક ઓઈલ ચોર પાસામાં ધકેલાયો

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં સ્થિત ઓએનજીસીના ઓઈલ કુવામાંથી તથા તેની લાઈનમાં પંચર કરીને ઓઈલની ચોરી કરતી ટોળકી પકડાઈ હતી. અગાઉ આવા ઓઈલ ચોરોને એલસીબીએ પાસામાં ધકેલ્યા હતા. આજે વધુ એક ઓઈલ ચોરને પાસામાં ધકેલવામાં આવ્યો છે. કલોલના પ્રતાપપુરા વિસ્તારના શખ્સ ઉમેદ જોઈતાજી ઠાકોરની ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે પાસાની દરખાસ્ત કરી હતી. જેની મંજુરી મળતાં આજે એલસીબીએ ઉમેદને પાસા હેઠળ પકડી વડોદરા જેલ મોકલી આપ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને તલોદ તાલુકામાંથી જુદા-જુદા ગુનામાં જપ્ત કરેલા રૂ. ૧.૪૦ કરોડથી વધુની કિંમતની કુલ ૫૩,૮૦૦ વિદેશી દારૂની પેટીઓ પર પોલીસની હાજરીમાં બુલડોઝર ફેરવી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ભારતીય કિસાન સંઘ દ્વારા ૧૫મી ડિસેમ્બરે અમદાવાદમાં રેલીનું આયોજન

કપાસ-મગફળી સહિતના કૃષિ પાકોના પોષણક્ષમ ભાવો અંગે વિલંબ માટે વિરોધ પ્રદર્શનનું આયોજન : આગામી કૃષિ મહોત્સવનો વિરોધ કરી ધારાસભ્યોનો ઘેરાવ કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં ભારતીય કિસાન સંઘની આજે બેઠક મળી હતી. જેમાં સંઘના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ જુગરકિશોર ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ખેત પેદાશના પોષણક્ષમ ભાવો અંગે આગામી કૃષિ મહોત્સવ દરમિયાન વિરોધ પ્રદર્શન કરવા અને ધારાસભ્યોનો ઘેરાવ કરવા અંગે નિર્ણય લેવાયો હતો. તેમજ તા. ૧૫મી ડિસેમ્બરે અમદાવાદ ઈન્કમટેક્ષથી સરદાર બાગ સુધી રાજ્યભરના કિસાનોની રેલીનું આયોજન કરી વિરોધ કરવાનું ઠરાવાયું હતું.

આ બેઠકમાં સંગઠનની ચર્ચા - વિચારણા કરાઈ હતી અને વર્ષ ૨૦૧૫માં સભ્ય નોંધણી તેમજ ગ્રામ સમિતિ બનાવવા કાર્યકરોને અનુરોધ કરાયો હતો. આ ઉપરાંત સરકાર દ્વારા કપાસ - મગફળી સહિતના કૃષિ પાકોના પોષણક્ષમ ભાવો અંગે કોઈ નિર્ણય લેવાયો નથી તેથી સંઘ દ્વારા વિરોધ પ્રદર્શન અંગે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત આગામી કૃષિ મહોત્સવ દરમિયાન વિરોધ કરવાનો અને ધારાસભ્યોનો ઘેરાવ કરવાનું ઠરાવાયું હતું તેમજ અમદાવાદમાં રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં રાજ્યભરમાંથી સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૧૪-૧૫ ડિસેમ્બર 'યોગાથોન-૨૦૧૪'નું આયોજન

સમગ્ર વિશ્વમાં આર્ટ ઓફ લીવીંગ દ્વારા આગામી ૧૪ અને ૧૫ ડિસેમ્બરને 'યોગાથોન-૨૦૧૪' તરીકે ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરમાં પણ અનેક ઠેકાણે યોગાથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગાથોન શિબિરમાં તનાવમુક્તિ, નવિનતા, ઉત્સાહ અને આનંદમાં વધારો કરવા જેવા અનેક લાભો થાય તેવા યોગાભ્યાસ કરાવાશે. જે સંપૂર્ણ નિઃશુલ્ક રહેશે. આ કાર્યક્રમ અંગે વિવિધ જગ્યાએ આયોજનો કરાયા છે. આ યોગાથોનમાં ભાગ લેનારને સૂર્યનમસ્કારના ૫૪થી ૧૦૮ રાઉન્ડ કરાવાશે. અને જે ૧૦૮ રાઉન્ડ પુરા કરશે તેને આર્ટ ઓફ લીવીંગ દ્વારા ખાસ પ્રમાણપત્ર પણ અપાશે. આ કાર્યક્રમમાં યોગાસનની તાલીમ યોગ શિક્ષક દ્વારા આપવામાં આવશે તેમજ ભાગ લેનાર દરેકને પ્રમાણપત્ર પણ આપવામાં આવશે.

યોગાથોન-૨૦૧૪ કાર્યક્રમના સ્થળ-સમય

૧૪-૧૨-૨૦૧૪	સવારે ૭-૩૦થી ૯-૦૦	કસ્તુરબા સ્ત્રી અધ્યાપન મંદિર, કોબા
૧૪-૧૨-૨૦૧૪	સવારે ૮-૦૦ થી ૯-૩૦	બોયસ હોસ્ટેલ, સેક્ટર-૬બી, ગાંધીનગર
૧૪-૧૨-૨૦૧૪	સવારે ૯-૩૦ થી ૧૧-૦૦	સ્વામી વિવેકાનંદ સંસ્કાર તપોવન, સે-૧૭, ગાંધીનગર
૧૪-૧૨-૨૦૧૪	સવારે ૭-૦૦ થી ૮-૦૦	બ્લોકનં. ૧૯૩ની સામે જાહેર બગીચો, સહકાર કોલાની. સે.૨૫
૧૫-૧૨-૨૦૧૪	સવારે ૭-૩૦થી ૯-૦૦	માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ સેક્ટર-૨૧, ગાંધીનગર
૧૫-૧૨-૨૦૧૪	સવારે ૯-૩૦થી ૧૧-૦૦	સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૮, ગાંધીનગર

કાંકરેજ કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કાનૂની શિબિર યોજાઈ

કાંકરેજ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા શિહોરી, રાનેર મિમાણા તથા માડંલા ગામે માનવ અધિકાર દિન નિમિત્તે પ્રશ્નોતરી કાર્યક્રમ તથા કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ હતી. જેમાં સિવિલ શિહોરીના પ્રિન્સિપલ સિવિલ જજ આર.આર. મિસ્ત્રી તથા ભાવેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને માહિતી તેમજ માર્ગદર્શન આપ્યું હતુ. કાર્યક્રમમાં વકીલ કે.એલ. શ્રીમાળી, ડી.બી. દેસાઈ, મધાજી પરમાર, આર.કે. બારોટ, એમ.પી. પરમાર તથા રાજુભા વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : આશારામ રાવલ)

ક્રેડિટ પ્લાન રજૂ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બેંકોને આગામી વર્ષએરિયા બેઝ સ્કીમ પ્લાન અમલી બનાવવાની વિશેષ ભલામણ કરવામાં આવી છે. જેમાં ડ્રીપ ઈરિગેશન, ઉર્જા બચત સાથે આ નવા પંપની ખરીદી માટેની લોન, પાકની સફાઈ માટેની મશીનો માટેની લોન જેવા મુદ્દાઓ સૂચ્યવવામાં આવ્યા છે.

પાણી પુરવઠા ક્ષેત્રે ૫૫૭ કરોડ, કૃષિના યાંત્રિકરણ માટે ૧૩૯૯ કરોડ તેમજ હોર્ટિકલ્ચર ખેતી માટે પણ જંગી રકમની ફાળવણી કરવાનું આ પ્લાનમાં સૂચવવામાં આવ્યું છે. જિલ્લામાં કૃષિ એ મુખ્ય વિષય હોવાથી તેના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે એગ્રો પ્રોસેસીંગ ઉદ્યોગોને વિશેષ મહત્વ આપવાની ભલામણ પણ આ ક્રેડિટ પ્લાનમાં કરવામાં આવી છે.

અન્ય અગ્રતા ધરાવતા ક્ષેત્રો માટે ૬૬૫૧ કરોડની જોગવાઈ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ક્રેડિટ પ્લાનની પૂર્વભૂમિકામાં જ જણાવાયું છે કે, કૃષિક્ષેત્રે જે ધિરાણો થયા છે તેમાં ૧૦૨ ટકા જેટલી સફળતા મળી છે જ્યારે કૃષિક્ષેત્રના ટૂંકાગાળાની લોનના ધિરાણમાં ૬૫ ટકા જેટલી સફળતા મળી છે. જે કૃષિ વિકાસ માટેની જિલ્લાના ખેડૂતોની જાગૃતિ દર્શાવે છે.

ચાલુ નાણાકીય વર્ષનો ક્રેડિટ પ્લાન ૧૯૦૨ કરોડનો હતો જેમાં ૫૬૧ કરોડનો વધારો સંભવિત ક્રેડિટ પ્લાનમાં દર્શાવવામાં આવ્યો હોવાથી હવે બેંકો દ્વારા આગામી દિવસોમાં તે અંગેની કવાયત કરી તે ક્રેડિટ પ્લાન આખરી કરાશે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરના અધ્યક્ષપદે મળેલ આ મહત્વની બેઠકમાં સ્વરોજગારી ક્ષેત્રે ધિરાણની અરજીઓના સકારાત્મક નિકાલનો વિશેષ આગ્રહ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટ મેકવાન, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના એસ.ડી.ઓ શ્રી એસ. કે. મિત્રા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સુશ્રી ગાંગુલી, ગ્રામીણ બેંકના શ્રી ભાટી, બેંક ઓફ ઈન્ડિયાના શ્રી ડી. બી. રાવલ, અધિક નિવાસી કલેક્ટર ડૉ. એમ. બી. મોડિયા, ડી.આઈ.સી.ના જી.એમ. સુશ્રી અલ્પા ભટ્ટ, લીડ બેંક મેનેજર શ્રી પુરોહિત, ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સુશ્રી જયશ્રીબેન દેવાંગણ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

રેકેટની ફુપન

● **અનુસંધાન છેલ્લાનુંચાલુ**

તે સે. ૧૧ સિગ્મા ઝેરોક્ષ સેન્ટર હોવાનું એસીબીને ધ્યાને આવતા તેના માલીકને બોલાવીને તેનું ઈન્ટ્રોગેશન કરવામાં આવ્યું છે. કોણ ઝેરોક્ષ સેન્ટર પર કલર પ્રિન્ટ કૂપનો તૈયાર કરાવવા આવ્યું હતું અને કેટલા સમયથી આ કૂપનો તૈયાર થતી હતી ? તે ઉપરાંત અન્ય કેટલા લોકો આવી કૂપનો બનાવવા આવે છે ? તે સહિતની વિગતો બહાર લાવવા પુછપરછ કરાઈ હતી અને ઝેરોક્ષ સેન્ટરના સીસીટીવી ફુટેજ પણ લેવા તજવીજ કરાઈ છે. મહેસાણા એસીબી પી.આઈ. પરમારે ટોકન કૂપનની પ્રથા કોણે શરૂ કરી તથા કયા કયા જિલ્લામાં આ પ્રથા ચાલે છે તે સહિતની વિગતો બહાર લાવવા અને મુળીયા ક્યા ક્યા ફેલાયેલા છે તે શોધી કાઢવા ચકો ગતિમાન કર્યા છે.

નબળી કામગીરી...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પ્લાન પણ હજુ કાર્યરત કરાયો નથી. જેથી દર્દીને ડૉક્ટર વચ્ચે સંવાદ પણ ઈમરજન્સીમાં શક્ય ના બને તેવી સ્થિતિ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આ નવા સંકુલને લઈ ઉભા થયેલા વિવાદોને લઈ ત્યાં સારવાર મેળવવા દર્દીઓના જીવ પડીકે બંધાયા છે. આજે ટાઈલ્સ ઉખડી ગયાની જાણ કરાતાં જ સિવિલ સુપ્રિડેન્ટ અને અન્ય અધિકારીઓ ત્યાં પહોંચી ગયા હતા. તાત્કાલિક મરામતની કામગીરી માટે કડક તાકીદ પણ કરવામાં આવી છે. દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલના બી.એસ.એન.એલ.ના ફોન છેલ્લા ત્રણ દિવસથી બંધ પડ્યા છે. આ માટે વારંવાર રજુઆતો પછી પણ ટેલિફોન તંત્ર દ્વારા રિપેરીંગ કરવામાં ના આવતાં લોકોની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે.

વિરાટ ભક્તિ વેદાંત યોગ સંત પ્રવચનોના સ્વંયસેવકોની બેઠક

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં આગામી તા. ૧૩ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન સે.૧૧ના રામકથા મેદાનમાં યોજાનાર વિરાટ ભક્તિ વેદાંત સંત પ્રવચનોના કાર્યક્રમના આયોજન અંતર્ગત તમામ સ્વયંસેવકોની એક બેઠક તા. ૧૧મી ડિસેમ્બરે સે.૧૨માં આવેલ ઉમિયા મંદિર ખાતે રાત્રે ૮-૩૦ કલાકે યોજાશે. આ બેઠકમાં તમામ સ્વયંસેવકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શબ્દાવલી - ૫૫૮૬



આડી ચાવી

૧. વૃષણનો એક રોગ (૫)
૪. વાંચી ના શકાય તેવું (૩)
૬. ઘેટાની જેમ એકની પાછળ એક ચાલ્યા જવું (૭)
૯. ડફલી, એક વાદ્ય (૨)
૧૦. ફજેતફાળકો (૪)
૧૧. રક્ષક, મદદગાર (૨)
૧૩. નીચુ માથુ રાખી (૫)
૧૭. નોકરીમાંથી છૂટા થવા રાજીખુશીથી આપેલ અરજી (૪)
૨૦. આવે તે આવક જાય તે... (૩)
૨૧. શાશ્વત, અવિનાશી (૪)
૨૨. 'ડ્રૉન' શબ્દ ઊંધો (૨)

ઊભી ચાવી

૧. ભૂત વગેરે વળગવું તે (૪)
૨. કુંડાળા, વમળો (૩)
૩. વાંચી શકાય તેવું (૨)
૪. સ્તબ્ધ (૩)
૫. વાંસ (૩)
૭. ગધેડાને મારવામાં આવે તે (૩)
૮. પ્રચાર પામેલુ (૪)
૧૧. બે જોડ (૪)
૧૨. રાજવંશીઓને ગુજરાન માટે આપેલી જમીન કે સત્તા (૩)
૧૪. મોજ (૨)
૧૫. સ્તોત્ર (૩)
૧૬. ટૂકડો (૩)
૧૮. ... યહાં મરના યહાં... (૨)
૧૯. સમાજ, ન્યાત (૨)

શબ્દાવલી ૫૫૮૫ના જવાબ

આડી ચાવી :- (૧) અવતાર (૪) સમીપ (૬) ફરાર (૭) મજા (૮) વરાધ (૯) રાવ (૧૦) નખ (૧૨) ચોરપોલીસ (૧૩) ટસર (૧૫) પરાગ (૧૬) અંજુમન (૧૯) ગડીબંધ (૨૦) સ્તર

ઊભી ચાવી :- (૨) અફલાતૂન (૨) વરા (૩) તાવરણી (૪) સજા (૫) પરવરીશ (૭) મધખર (૧૧) ખટરાગ (૧૨) ચોર (૧૪) સગડી (૧૬) અંધ (૧૭) મસ્ત (૧૮) નર

રીનોવેશન પ્રોજેક્ટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મુશ્કેલ બન્યું છે. જ્યારે ટાઉનહોલની જાળવણી માટે પણ સમયાંતરે કોઈ પગલા ન લેવાતા સ્ટેજ પરફોર્મ કરતા કલાકારો માટે પણ ઘણીવાર જોખમી સ્થિતિ સર્જાય છે. ટાઉનહોલનો એ.સી. પ્લાન્ટ પણ વારંવાર ખોટવાતા આયોજકોએ મુંઝવણમાં મુકાવવું પડે છે. સૌચાલય અને ફ્લોરીંગના પણ ઠેકાણા નથી. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા ટાઉનહોલના રીનોવેશન માટેની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય તેમ છે. બીજી તરફ આ યોજના અન્વયે ટાઉનહોલના એલીવેશનમાં પણ ફેરફાર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેથી આ યોજના અન્વયે જરૂરી નકશો તૈયાર કરવા તંત્ર દ્વારા ટાઉન પ્લાનીંગ વિભાગને જવાબદારી સોંપવામાં આવી છે પરંતુ લાંબા સમયના અંતે પણ આ મામલે ટાઉન પ્લાનીંગે નકશા-અંદાજો તૈયાર કર્યા નથી. જેના લીધે ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ ડેડ હાલતમાં છે. છેલ્લા બે વર્ષથી તદ્દન કંગાળ અને દુવિધારૂપ બનેલા ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેક્ટ લાંબા સમયથી અટવાયો છે. વિભાગ કક્ષાએથી પણ ઝડપભેર નકશા તૈયાર થાય તેવી લાગણી પ્રબળ બની છે.

મેનેજમેન્ટ પ્રદર્શન... ● બીજા પાનાનું ચાલુ

સાથે વિદ્યાર્થીઓ સાથે વાલી ગણ પણ ઉપસ્થિત રઝ્ઝા હતા અને વિદ્યાર્થીઓ નાં આબેહુબ કાર્ય તથા કળા ને નિહાળી ખૂબ આનંદ વ્યક્ત કર્યો હતો

મેગ્નેટ -દર્શન માં ૧૪૯ બી. બી. એ. નાં વિદ્યાર્થીઓ મેગ્નેટ મેનેજમેન્ટ -દર્શન સ્પર્ધા માં ભાગ લીધો હતો કુલ ૧૨ ગ્રુપ અને ૨૬ ટીમમાં વહેચાયેલા વિદ્યાર્થીઓ માંથી ૫ ગ્રુપ વિજેતા બન્યા હતા. સાં-ત સમય ની માંગ ને અનુલક્ષી ને વિદ્યાર્થીઓએ અનેક વિષયો પર સંશોધન કર્યુ હતુ જેનાથી નિર્ણાયકો સહિત મુલાકાતીઓ સૌ -ભાવિત થયા હતા તેમજ ઇંડસ્ટ્રી મૉડેલ્સ, ચાર્ટ્સ અને વિવિધ સંચાલકિય કૌશલ્ય ને વાચા આપતુ -દર્શન મેનેજમેન્ટ ભણતા વિદ્યાર્થીઓ માટે એક કેસ સ્ટડી સમાન હતું તદ્ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ -પ્રોજેક્ટ્સ, મૉડ્યૂલ્સ પર વધારે સંશોધન કરી લોકો સુધી પંહોચાડવા નું સૂચન કર્યુ હતુ.

આટલા વર્ષો નાં અનુભવ નાં આધારે સંસ્થા વિદ્યાર્થીઓ ને પસંદ હોય તેવી અનેક સ્પર્ધાઓ નુ આયોજન કરે છે. જેમા આ વર્ષ નાં કાર્યક્રમ માં શાળા નાં વિદ્યાર્થીઓ માટે લગભગ ૨૦ સ્પર્ધાઓ નું આયોજન થયુ હતુ. સાથે સાથે કૉલેજ નાં વિદ્યાર્થીઓ માટે ૨૩ જુદી જુદી સ્પર્ધા ગોઠવવા માં આવી હતી. અને દરેક સ્પર્ધા ને વિદ્યાર્થીઓ નો ખૂબ સારો -તિભાવ મળ્યો હતો. આ વર્ષ નાં કાર્યક્રમ માં રાજય ની ૩૫ શાળાઓ તથા ૧૦ કૉલેજ એમ કુલ ૪૫ સંસ્થાઓ નાં વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો તથા યજમાન કૉલેજ સાથે મળી ને ૨૬૧૩ વિદ્યાર્થીઓ ઉપર જણાવેલ સ્પર્ધા માં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ માં ૪૮ વિવિધ ક્ષેત્ર નાં અનુભવી લોકો ને નિર્ણાયક તરીકે બોલાવવા માં આવ્યા હતા. નિર્ણાયક ગણ વિદ્યાર્થીઓ ની કાબેલીયત થી ખૂબ -ભાવિત થયા હતા અને તેમના માટે પણ વિજેતાઓ ની પસંદગી જટિલ -ક્રિયા બની ગઈ હતી. સમગ્ર કાર્યક્રમ માં ૨૭૧ વિજેતાઓ ને ટ્રોફી તેમજ તમામ સ્પર્ધકો અને વિવિધ સમિતિઓ નાં સભ્ય તરીકે કાર્ય કરનાર વિદ્યાર્થીઓ ને ૩૦૦૦ સર્ટિફિકેટ એનાયત કરવા માં આવ્યા હતા. સમાપન સમારોહ માં અનેક શિક્ષણ ક્ષેત્ર નાં અગ્રણી મહાનુભાવો હાજર રઝ્ઝા હતા અને વિદ્યાર્થીઓ નો ઉત્સાહ વધાર્યો હતો.

સમગ્ર કાર્યક્રમ ડૉ. રમાકાંત-સ્ટી નાં માર્ગદર્શન હેઠળ ઑવર ઑલ ઇંચાર્જ ડૉ. જયેશ તન્ના, આઈના ઇંચાર્જ -ો. નીરવ જૉશી તેમજ મેગ્નેટ ઇંચાર્જ -ો. અમિતા -જાપતિ ની સાથે સમગ્ર કૉલેજ નાં કર્મચારી ગણ તથા વિદ્યાર્થીઓ એ જવાબદારી પૂર્વક કાર્ય કર્યુ હતુ.

ટ્યુકડી જાહેરાત

નીચે જણાવેલ લેખન સામગ્રીની ખરીદી કરવા માટે સીલબંધ કવરમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે.
૧. એ-ફોર સાઈઝ ઝેરોક્ષ કોપીયર પેપર : સાઈઝ ૨૧૦ એમ x ૨૯૭ એમ.એમ. ૭૦ જી.એસ.એમ., ૨.૩૪ કિલોગ્રામ આશરે ૬૦૦ રીમ. આ ભાવો તા. ૩૧/૩/૨૦૧૫ સુધી અમલમાં રહેશે.
નોંધ : જે. કે. બ્રાન્ડના તેમજ કંપની પેકીંગમાં ભાવ ટેક્ષ વગરના કચેરીએ પહોંચતા કરવા સુધીના દર્શાવવાના રહેશે.
ભાવપત્રકો તા. ૨૨/૧૨/૨૦૧૪ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં હિસાબી અધિકારીશ્રી, રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, બ્લોક નં.૧, ત્રીજે માળે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને પહોંચતા કરવાના રહેશે.
(૧) ભાવપત્રક સાથે કંપનીના કાગળના નમૂના બીડવાના રહેશે.

હિસાબી અધિકારી (વર્ગ-૧)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

માહિતી/૧૮૯૮/૨૦૧૪-૧૫

કોમ્યુનિકેશન એન્ડ કેપેસેટી ડેવલપમેન્ટ યુનિટ (સીસીડીયુ)
ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
(ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ)
ગ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર

ટુંકી મુદતની જાહેર નિવિદા
મોડેલ રિપેરીંગ કામ અંગે

કાર્યપાલક ઈજનેરશ્રી (સીસીડીયુ) કોમ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનિટ, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા એન્જિનિયરીંગ મોડેલ રિપેરીંગ કરવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદાર કે જેઓ પોતાનો વર્કશોપ ધરાવતા હોય તેવા ઈજારદાર પાસેથી ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૫/૧૨/૨૦૧૪ છે અને ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તા. ૨૨/૧૨/૨૦૧૪ના રોજ ૧૬-૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી. થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. ટેન્ડર ફી રૂ. ૩૦૦/- રોકડમાં અથવા ડીડી દ્વારા સ્વીકારવામાં આવશે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

માહિતી/૧૯૦૯/૨૦૧૪-૧૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં.૧૮ના ૪થા માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન-ફેક્સ નં. ૨૩૨ ૪૯૦૧૭, ૨૩૨ ૪૯૦૧૮
Email : guda.infra@gmail.com

શોર્ટ ટેન્ડર નોટીસ નં. ૧૫ સને ૨૦૧૪-૧૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર દ્વારા મોબાઈલ ટોયલેટ સફાઈને લગતી આ પ્રકારના કામના અનુભવી કોન્ટ્રાક્ટરો પાસેથી વાર્ષિક ભાવ માંગવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	અંદાજીત રકમ રૂ. ટેન્ડર ફી	ઈ.એમ.ડી. ટાઈમ લીમીટ
૧	ગુડા હસ્તકના મોબાઈલ ટોયલેટના સંચાલન અને નિભાવણીનું કામ	રૂ. ૫,૦૦,૦૦૦/- રૂ. ૧૦૦૦/-	રૂ. ૧૦,૦૦૦/- ૧૨ માસ

૧. ઉપરોક્ત કામની વિગતો અત્રેની કચેરીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર શાખામાંથી તા. ૧૦/૧૨/૨૦૧૪થી જોવા મળશે.
૨. કોરા ભાવપત્રક આપવાની છેલ્લી તા. ૧૭/૧૨/૨૦૧૪ સાંજના ૧૮-૦૦ કલાક સુધી. જે રૂ. ૧૦૦૦/- રોકડા કચેરીએ ભરપાઈ કરેથી ભાવપત્રક ઈસ્યુ કરવામાં આવશે.
૩. ભરેલ ભાવપત્રક સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાની છેલ્લી તા. ૧૯/૧૨/૨૦૧૪ ૧૮-૦૦ કલાક સુધી. ત્યારબાદ મળેલ ભાવપત્રકો ધ્યાને લેવા પાત્ર નથી.
૪. ભાવપત્રક ખોલવાની તા. ૨૦/૧૨/૨૦૧૪ બપોરે ૧૨-૦૦ કલાક

સ્થળ : ગાંધીનગર — કાર્યપાલક ઈજનેર
તારીખ : ૯/૧૨/૨૦૧૪ — ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/૧૯૧૯/૨૦૧૪-૧૫ — ગાંધીનગર

અમદાવાદ જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ
ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૮/૨૦૧૪-૨૦૧૫

કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૬૮૬ એક્સ.૨૫૨ની કચેરી મારફતે ઓનલાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતામાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે.

૧	કામનું નામ	યુનીટ રેટ ફોર એસ્કેવેશન ફોર ધ વર્ડ ઓફ ડીપનીંગ / ડીસીલ્ટીંગ ઓફ વેરીયસ રીઝરવાયર / ટેન્ક / ચેકરેમ ઈન ગાંધીનગર ડીસ્ટ્રીકટ
૨.	વર્ગ	ઈ-૧ અને ઉપર
૩.	સમય મર્યાદા	૧૨ માસ
૪	અંદાજીત રકમ	રૂ. ૫૦.૦૦ લાખ
૫	ટેન્ડર ઓન લાઈન સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	તા. ૧૮/૧૨/૨૦૧૪ ૧૮-૦૦ કલાક સુધી
૬	ટેન્ડર ફી	રૂ. ૧,૫૦૦/-
૭	બાનાની રકમ	રૂ. ૫૦,૦૦૦/-
૮.	ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા ફીઝીકલ ડોક્યુમેન્ટ જેવા કે પાનકાર્ડ, તાજુ બેંક સોલવંશી સર્ટીફિકેટ, છેલ્લુ આઈ.ટી.આર., આર.પી.એ.ડી. સ્પીડ પોસ્ટથી કચ